
# કાશ્મીરમાં ભાજપ-પીડીપીની સંયુકત સરકાર

નવીદિલ્હી,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક મહિનાથી જારી સસ્પેન્સનો આજે અંત આવી ગયો હતો. રાજ્યના ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ-પીડીપી સરકાર સત્તારૂઢ થઈ ગઈ છે. આજે ભારે અપેક્ષા વચ્ચે પીડીપીના પ્રમુખ મુફ્તિ મોહમ્મદ સઈદે રાજ્યના મુખ્યપ્રધાન તરીકેના શપથ લીધા હતા. મુફ્તિ મોહમ્મદ સઈદને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ભાજપ માટે આજનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. કારણ કે પ્રથમવાર ભાજપ સરકારમાં સામેલ છે. પ્રથમવાર પાર્ટીની સરકાર રાજ્યમાં આવી છે. ભાજપના નિર્મળસિંહ રાજ્યના નાયબ મુખ્યમંત્રી બન્યા છે. નિર્મળસિંહ જમ્મુ કાશ્મીર સરકારમાં મંત્રી બનનાર ભાજપના પ્રથમ ધારાસભ્ય છે. રાજ્યપાલ એનએન વ્હોરાએ જમ્મુ યુનિવર્સિટીના જનરલ જોરાવરસિંહ ઓડિટોરિયમમાં નવી સરકારને હોદ્દા અને ગુપ્તતાતના શપથ લેવડાવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી, અમિત શાહ, મુરલી મનોહર જોશી,



પીડીપીના વડા મહેબુબા મુફ્તિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને મુફ્તિ મોહમ્મદને મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ તેમને શુભેચ્છા પણ આપી હતી. ભાજપના લાલસિંહે જમ્મુ કાશ્મીર સરકારમાં પ્રધાન તરીકે ડોગરી ભાષામાં શપથ લીધા હતા. પૂર્વ અલગતાવાદી નેતા અને પીપલ્સ કોન્ફરન્સના પૂર્વ વડા સજ્જાદ ગની લોને પણ સરકારના મંત્રી તરીકે શપથ લીધા હતા. લોન રાજ્યમાં ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદીને મળીને ચર્ચામાં આવ્યા હતા. સઈદે આ ગઠબંધનને ઉત્તરીય અને દક્ષિણી ઝોનના મિલન તરીકે ગણાવી તેની પ્રશંસા કરી છે.

રાજ્યના ૧૨માં મુખ્યમંત્રી તરીકે સઈદે શપથ લીધા હતા. આની સાથે જ ઉંમર અબ્દુલ્લાના મુખ્યમંત્રી પદથી રાજીનામા બાદ લાગુ કરવામાં આવેલા રાજ્યપાલ શાસનનો અંત આવી ગયો છે. રાજ્યમાં ૪૯ દિવસ સુધી રાજ્યપાલનું શાસન રહ્યું હતું. મુફ્તિ પીડીપી-ભાજપ ગઠબંધન સરકારનું નેતૃત્વ કરશે. છ વર્ષના ગાળા બાદ ફેર ચુંટણીની શક્યતા રહેશે. મુફ્તિ મોહમ્મદ બીજી વખત ગઠબધન સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. ૨૦૦૨માં તેઓએ પીડીપી-કોંગ્રેસ ગઠબંધનનું નેતૃત્વ કર્યું હતું અને ત્રણ વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યા હતા. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. ભાજપે પ્રથમ મુસ્લિમ બહુમતિવાળા રાજ્યમાં સત્તાનો સ્વાદ ચાંખ્યો છે. અહીં અલગતાવાદી ચળવળ ૧૯૭૯થી ચાલી છે જેમાં હજારોના મોત થઈ ચુકયા છે. હાલમાં જ યોજાયેલી ચૂંટણીમાં કોઈને પણ બહુમતિ મળી ન હતી. પીડીપી અને ભાજપને ક્રમશઃ ૨૮ અને ૨૫ બેઠકો મળી હતી. નેશનલ કોન્ફરન્સ દ્વારા શપથવિધિનો બહિષ્કાર કરાયો હતો. મુખ્યમંત્રીના સમાવેશથી પીડીપી પાસે ૧૧ અને ભાજપ પાસે છ પ્રધાન રહેશે. મુફ્તિ મોહમ્મદની સાથે ૨૫ પ્રધાનોએ પણ શપથ લીધા હતા.

## જમ્મુ કાશ્મીર સરકાર પાસે અપેક્ષાને પૂર્ણ કરવાની તક

નવીદિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને પીડીપી સરકારની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, નવી સરકાર પ્રગતિની નવી ઉંચી નવી સપાટી ઉપર પહોંચશે. વડાપ્રધાને સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર કહ્યું છે કે, પીડીપી અને ભાજપ સરકાર પાસે જમ્મુ કાશ્મીરના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની ઐતિહાસિક તક રહેલી છે. પ્રગતિની ઉંચી ઉંચાઈ પર પહોંચશે. શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લીધા બાદ મોદીએ કહ્યું હતું કે, તેઓ મુફ્તિ અને તેમની ટીમને શુભેચ્છા આપે છે. ભાજપે પ્રથમ વખત સત્તાનો સ્વાદ ચાંખ્યો છે. વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ કોઈને પણ બહુમતિ નહીં મળતા જટિલ સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે વાતચીતનો દોર ચાલ્યો હતો. આખરે ભાજપ અને પીડીપી વચ્ચે સમજૂતિ થઈ ચુકી છે. કેબિનેટ અને જુનિયર પ્રધાનોની સંખ્યાને લઈને વિવાદ ચાલી રહ્યો હતો પરંતુ વડાપ્રધાન સાથે પીડીપીના વડા સઈદની વાતચીતના દોર બાદ આનો અંત આવ્યો હતો. શપથવિધિ કાર્યક્રમમાં પીડીપી અને ભાજપના તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા પરંતુ નેશનલ કોન્ફરન્સે બહિષ્કાર કર્યો હતો. જમ્મુ કાશ્મીર સરકારમાં મંત્રી બનનાર નિર્મળસિંહ પ્રથમ ધારાસભ્ય બન્યા છે. મોદી ઉપરાંત ભાજપના અન્ય નેતાઓએ પણ શુભેચ્છા આપી હતી. ભાજપ અને પીડીપી સીએમપીમાં કલમ ૩૭૦ પર યથાસ્થિતિ જાળવી રાખવામાં સહમત થયા છે. સરકાર પોકમાંથી શરણાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ માટે પણ કામ કરશે.

## બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં પણ ૫ રૂપિયાનો વધારો

નવીદિલ્હી,તા. ૧

જેટ ફ્યુઅલની કિંમતમાં આજે ૮.૨ ટકા સુધીનો કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યો હતો જ્યારે બિન સબસિડીવાળા એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ પાંચ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવી ચુક્યો છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં વધારો થયા બાદ બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં પાંચ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. એટીએફની કિંમતમાં વધારો થયા બાદ વિમાની સેવા મોંઘી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. જો કે, હજુ સુધી યાત્રી ભાડા ઉપર ભાવ વધારાનો કોઈ બોજ ઝીંકાશે કે કેમ તે સંદર્ભમાં એરલાઈન્સ તરફથી કોઈ માહિતી આપવામાં આવી નથી પરંતુ વિમાની સેવા મોંઘી થાય તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. ઓઈલ કંપનીએ આજે જાહેરાત કરતા કહ્યું હતું કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) અથવા તો જેટ ફ્યુઅલની કિંમત દિલ્હીમાં પ્રતિકિલો લીટર ૩૮૪૯.૯૭ રૂપિયા સુધી વધી ગઈ છે જેથી તેનો ભાવ વધીને ૫૦૩૬૩ પ્રતિકિલો લીટર થઈ ગયો છે. રેટમાં વધારો કરવામાં આવ્યા બાદ સ્થિતિ ઉલ્લેખનીયરીતે સુધરી છે. ઓગસ્ટ મહિના બાદથી સતત સાત વખત ઘટાડો કરવામાં આવ્યો હતો ત્યારબાદ હવે વધારો કરાયો છે. છેલ્લે પહેલી ફેબ્રુઆરીથી ૧૧.૨૭ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આજના વધારા પહેલા એટીએફની કિંમતમાં ઓગસ્ટ ૨૦૧૪ બાદથી સાત વખત ઘટાડવામાં આવી ચુકી છે અને ૩૩ ટકા સુધી એટીએફની કિંમત ઘટી ચુકી છે. રૂપિયાની દૃષ્ટિએ જોવામાં આવે તો એટીએફની કિંમતમાં ૨૩૬૪૮.૭૩ સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. આજના વધારા બાદ પણ જેટ ફ્યુઅલની કિંમતો ૨૦૧૧ બાદથી સૌથી નીચી સપાટી છે. આવી જ રીતે ઓઈલ કંપનીઓએ બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં પાંચ રૂપિયા સુધીનો વધારો કરી દીધો છે અને આની કિંમત દિલ્હીમાં હવે ૬૧૦ રૂપિયા કરી દીધી છે. આ વધારો સતત સાત વખત ઘટાડો કરાયા બાદ કરાયો છે. ગ્રાહકો ૧૨ સિલિન્ડરના સબસિડી ક્વોટા બાદ જે ૧૩મો સિલિન્ડર ખરીદે છે તેના ઉપર પાંચ રૂપિયાનો વધારો થયો છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે એલપીજીની કિંમતમાં ૧૦૩.૫ રૂપિયા સુધીનો ઘટાડો કરાયો હતો. સાત મહિના સુધી ઘટાડા કરાયા બાદ એલપીજીના કુલ રેટમાં ૩૧૭.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો થયો હતો જે ત્રણ વર્ષની સૌથી નીચી સપાટી છે. ઓઈલ કંપનીએ કહ્યું છે કે, આ વધારો ખુબ જ મોટો છે જેને તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી એરલાઈન્સ દ્વારા કોઈ વાત કરાઈ નથી. નવેમ્બર મહિના બાદથી સતત ચોથી વખત એકસાઈઝ ડ્યુટીમાં વધારો કરાયો છે. એરલાઈનના ઓપરેટિંગ ખર્ચ પૈકી ૪૦ ટકા ખર્ચ જેટ ફ્યુઅલનો રહે છે. કિંમતમાં વધારો થયા બાદ વધુ તકલીફ ઉભી થઈ શકે છે. કારણ કે પહેલાથી જ વિમાની યાત્રા મોંઘી થયેલી છે અને આના લીધે વધુ મોંઘી થઈ શકે છે.

## ખરાબ હવામાન-વરસાદથી સ્વાઈન ફલુ વધુ ઘાતક બનશે

નવી દિલ્હી,તા. ૧

ગુજરાત અને રાજસ્થાન સહિત દેશના તમામ ભાગોમાં સ્વાઈન ફલુએ જોરદાર આતંક મચાવ્યો છે. સ્વાઈન ફલુના કારણે વદુ ૩૬ લોકોના મોતની સાથે મોતનો આંકડો વધીને ૧૦૪૧ ઉપર પહોંચી ગયો છે. આ કિલર વાઈરસના કારણે ૧૯૦૦૦ લોકોને પ્રતિકુળ અસર થઈ ચુકી છે. રાજસ્થાન અને ગુજરાતમાં સૌથી માઠી અસર થઈ છે. હવામાનમાં એકાએક પલટા અને જોરદાર વરસાદના કારણે હવે સ્વાઈન ફલુનો આતંક વધુ વધી શકે છે. ગુજરાતમાં અમદાવાદ સહિત મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. ગુજરાતમાં કેસની સંખ્યા પહેલાથી જ ચાર હજારથી વધારે છે અને મોતનો આંકડો પહેલાથી જ ૨૫૦ ઉપર છે. આવી સ્થિતીમાં લોકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. અમદાવાદમાં ગઈકાલે રાતથી શરૂ થયેલા વરસાદના સ્થિતી વણસી શકે છે. દિલ્હીમાં આજે વહેલી પરોઢે વરસાદ થયો હતો. મુંબઈમાં પણ વરસાદ થયો છે. વરસાદના કારણે નિષ્ણાંતો માની રહ્યા છે કે વાઈરસ વધારે ઘાતક બની શકે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે બે દિવસથી ૧૦૦થી ૧૦૧ ડિગ્રી તાવ હોવાની સ્થિતીમાં તરત સારવાર કરવામાં આવે તે જરૂરી છે. સ્વાઈન ફલુને લઈને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે કુદરત પણ તેમની સાથે નથી. તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે છતાં કેસો પણ વધી રહ્યા છે. નિષ્ણાંતો કહે છે કે આ પ્રકારના વાઈરસના કારણે સ્વાઈન ફલુને વધારે ખતરનાક બનવામાં મદદ મળી રહી છે. જેથી એલર્ટ રહેવામાં આવે તે જરૂરીછે. આરોગ્ય નિષ્ણાંતો દ્વારા હેલ્થ એડવાઈઝરી પણ જારી કરવામાં આવી છે. સામાન્ય લોકોને વિટામીન સી સપ્લીમેન્ટસ લેવા , ખાલી પેટ ઘરેથી ન નિકળવા અને ભરચક જગ્યાએ ન જવા માટે કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્વાઈન ફલુના કોઈ લક્ષણ દેખાય તો તરત જ તબીબોનો સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે.

## રાહુલને કોંગ્રેસ અધ્યક્ષ અને પ્રિયંકા વાઢેરાને જનરલ સેક્રેટરી બનાવાશે

નવીદિલ્હી, તા.૧

કોંગ્રેસના હતાશ થયેલા કાર્યકરોમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ



કરવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે યુપીએના ચેરમેન સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધી વાઢેરાને આવતીકાલે પક્ષના જનરલ સેક્રેટરી તરીકે બનાવવામાં આવી શકે છે. આજે અહેવાલમાં આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ મહિનાથી જુદા જુદા પ્રકારના અહેવાલો આવતા રહ્યા છે. પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સક્રિય રાજકારણમાં પ્રિયંકાને લાવવાના પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસના અખંડ ભાગ તરીકે પ્રિયંકા ગાંધીને બનાવવા માંગે છે. રાહુલ ગાંધીના પ્રયાસોને હવે પક્ષના ટોપના નેતાઓ પણ ધ્યાનમાં લઈરહ્યા છે. બજેટ સત્ર દરમિયાન રાહુલ ગાંધી એકાએક રજા ઉપર ઉતરી ગયા છે. જેને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ વચ્ચે અને બજેટ સત્ર દરમિયાનમાં જ પ્રિયંકા ગાંધી વાઢેરાને જનરલ સેક્રેટરીની જવાબદારી આપવામાં આવી શકે છે. એવી માંગ પણ છે કે, રાહુલને પક્ષમાં સર્વોચ્ચ હોદ્દો સોંપી દેવામાં આવે. જો કે તેમની ગેરહાજરીથી તેમના વિરોધીઓ ટિકા કરી રહ્યા છે. પક્ષના વરિષ્ઠ નેતા એકે એન્ટોની કહી ચુકયા છે કે, સંસદમાંથી બ્રેક લઈ ચુકેલા રાહુલ ગાંધી વધુ મજબૂત અને ઉર્જા સાથે પરત ફરશે. પૂર્વ સંરક્ષણમંત્રીએ રાહુલની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, તેમની ચોક્કસવર્ગોમાં કરવામાં આવી રહેલી ટિપ્પણી યોગ્ય નથી. એક કોંગ્રેસના કાર્યકરે બુધવારના દિવસે ઉત્તરાખંડમાં રાહુલ ગાંધી હોવાની વાત કરીને ફોટાઓ પણ રજૂ કર્યા હતા. જો કે, કોંગ્રેસે આ અહેવાલને રદિયો આપ્યો હતો. રાહુલની ગેરહાજરીને લઈને સતત પ્રશ્નો ઉઠી રહ્યા છે. સક્રિય રાજકારણમાં રાહુલ ગાંધીની મજબૂત ભૂમિકા રહે તેવી માંગ થઈ રહી છે. ચૂંટણીમાં હાર બાદ પક્ષના કાર્યકરોમાં ભારે નિરાશા છે. રાહુલ પક્ષના નેતાઓ સાથે વ્યાપક વાતચીત કરી ચુક્યા છે. તેઓ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકવા નવી રુપરેખા પણ તૈયાર કરી રહ્યા છે. રાહુલને સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. રાહુલને પક્ષ પ્રમુખ બનાવવાની માંગ પણ તીવ્ર થઈ છે.

## વિવાદાસ્પદ ગારને મુલત્વી કરાતા બજારમાં તેજી રહેશે

નવી દિલ્હી,તા. ૧

શેરબજારમાં નવા સપ્તાહમાં જોરદાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. રજાના કારણે આ સપ્તાહમાં કામકાજન દિવસો ઓછા રહેશે. ગઈકાલે નાણાંપ્રધાન અરૂણ જેટલીએ કોર્પોરેટ ટેક્સને ઘટાડી દેવાની ગારને વધુ સમય સુધી મોકુફ રાખવાની જાહેરાત કરતા તેની સીધી અસર બજાર પર જોવા મળી શકે છે. ગારને મોકુખ રાખવામા આવ્યા બાદ રોકાણકારોને રાહત મળી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે શેરબજારમાં તેજી રહેશે. શનિવારે કેન્દ્રિય બજેટ બાદ શેરબજારમાં ઉદાસીન કારોબાર રહ્યો હતો. સેન્સેક્સ ૧૪૧ પોઈન્ટ ઉછળીને ૨૯૩૬૨ની સપાટીએ રહ્યો હતો. ખાસ સત્રનુ ાયોજન બજેટના દિવસે શેરબજારમાં કરવામાં આવ્યું હતુ. છેલ્લા સપ્તાહમાં સેન્સેક્સમાં ૧૩૦ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. જાણકાર લોકોનુ કહેવુ છે કે માર્કેટમાં તેજી રહી શકે છે. કારણ કે બજેટમાં બજારની અને દલાલ સ્ટ્રીટની અપેક્ષા મુજબ પગલાની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટેના કેન્દ્રિય બજેટમાં આગામી ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સમાં પાંચ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે સુપરરિચ પર વધારાના બે ટકાના સરચાર્જ સાથે વેલ્થ ટેક્સને નાબુદ કરવાની પણ ગઈકાલે બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી. સરકારે એક્સાઈઝ અને સર્વિસ ટેક્સના રેટમાં વધારો કર્યો હતો જેથી મોટા ભાગની વસ્તુઓ અને સેવા વધારે મોઘી થનાર છે.

## એજ્યુકેશન ક્ષેત્રને ૬૮૯૬૮ કરોડ મળતા મોટી રાહત થશે

નવી દિલ્હી,તા. ૧

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ બજેટમાં એજ્યુકેશન સેક્ટર માટે ૬૮૯૬૮ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કર્યા બાદ ગરીબ બાળકોને સીધો ફાયદો થશે તેમ નિષ્ણાંતો માની રહ્યા છે. જેટલીએ દાવો કર્યો છે કે બજેટ ૨૦૧૫-૧૬માં ગરીબ અને પછાત રહેલા લોકો માટે સ્કીમ પુરતી જોગવાઈ કરવામાં આવી છે. જેટલીએ બજેટ રજૂ કરતી વેળા જુદા જુદા સેક્ટરો માટે ફાળવણીની જાહેરાત કરીહતી. તેમણે કહ્યું હતું કે એજ્યુકેશન સેક્ટરને ૬૮૯૬૮ કરોડ અપાયા છે જેમા મધ્યાહન ભોજન યોજના સામેલ છે. હેલ્થ સેક્ટરને ૩૩૧૫૨ કરોડ અપાયા છે. જ્યારે મનરેગા સહિત ગ્રામીણ વિકાસ પ્રવૃતિ માટે ૭૯૫૨૬ કરોડ અપાયા છે. હાઉસિંગ અને સહેરી વિકાસ માટે ૨૨૪૦૭ કરોડ અને મહિલા બાળા વિકાસ માટે ૧૦૩૫૧ કરોડ તેમજ નમામી ગંગે માટે ૪૧૭૩ કરોડ અપાયા છે. નિર્ભયા ફંડ માટે બીજા ૧૦૦૦ કરોડ અપાયા છે.ડીએમઆઈસી માટે ૧૨૦૦ કરોડ આપવામાં આવ્યા છે.

## ખતરનાક લખવી જેલમાં બધી સુવિધા સાથે રહે છે

ઈસ્લામાબાદ, તા.૧

લશ્કરે તોઈબાના ઓપરેશન કમાન્ડર અને વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ઝાકી ઉર રહેમાન લખવીને જેલમાં પણ તમામ સુવિધાઓ આપવામાં આવી છે. જેલમાં રાજાશાહી રીતે રહી રહ્યો છે. તેની પાસે ઈન્ટરનેટ, મોબાઈલ તથા ટીવીની તમામ સુવિધાઓ છે. સાથે સાથે પાકિસ્તાનના તેમના સમર્થકોને પણ તે મળી રહ્યો છે. આતંકવાદી પ્રવૃત્તિને રોકવા માટે પાકિસ્તાન ઉપર દબાણ વધી રહ્યું છે ત્યારે આ ઘટનાક્રમ નિરાશાજનક સંકેત આપે છે. પાકિસ્તાનમાં સૌથી કુખ્યાત કેદીઓમાં સ્થાન ધરાવનાર ૫૫ વર્ષીય લખવી રાવલપિંડીની મજબૂત સુરક્ષા ધરાવનાર અદીલા જેલમાં રહે છે. લખવી અને અન્ય છ જેમના ઉપર મુંબઈ હુમલાને અંજામ આપવાનો આરોપ મુકવામાં આવ્યો છે તે અબ્દુલ વાજીદ, મઝહર ઈકબાલ, હમાદ અમીન, શાહીદ જમીલ, જમીલ અહેમદ અને યુનીસ અન્જુમને સુવિધાઓ આપવામાં આવી છે. લખવી અને અન્ય છ લોકોએ નવેમ્બર ૨૦૦૮માં મુંબઈના ભીષણ હુમલા માટેના કાવતરાને આખરી ઓપ આપ્યો હતો. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. ગંભીર પ્રકારના આરોપો હોવા છતાં લખવી અને તેના સહકાવતરાખોરો જેલરની ઓફિસની નજીક કેટલાક રુમમાં તમામ સુવિધા સાથે રહે છે. તમામ બાબતો દર્શાવે છે કે, લખવી ખુબ આરામથી જેલમાં રહે છે. મુંબઈમાં કરાયેલા હુમલામાં ઝાકી ઉર રહેમાન લખવી અને હાફિઝ સઈદની મુખ્ય ભૂમિકા હતી.

## ટોપ ૫ કંપનીઓની મૂડીમાં ૩૬,૮૫૬ કરોડનો ઘટાડો

### પાંચ કંપનીઓની માર્કેટ મૂડીમાં સંયુક્તરીતે ૧૭૨૭૫ કરોડનો વધારો નોંધાયો : બજારમાં ઉથલપાથલનો દોર

મુંબઈ ,તા.૧

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ટોપ પાંચ કંપનીઓનીમાર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. પાંચ કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ૩૬૮૫૫.૯૮ કરોડ સુધીનો મોટો ઘટાડો થયો છે. એફએમસીજીની મહાકાય કંપની આઇટીસીની માર્કેટ મુડીમાં સૌથી વધારે ઘટાડો થયો છે. છેલ્લા સપ્તાહ દરમિયાન આઇટીસી, આરઆઇએલ, ઓએનજીસી, એચડીએફસી બેંક અને એસબીઆઇની માર્કેટ મુડીમાંસૌથી વધુ ઘટાડો થયો છે જ્યારે ટીસીએસ, ઇન્ફોસીસ, સીઆઇએલ, એચડીએફસી અને આઇસીઆઇસીાઇ બેંકની માર્કેટ મુડીમાં વધારો થયો છે. અહેવાલમાં જણાવવામાંઆવ્યું છે કે છેલ્લા સપ્તાહ દરમિયાન આઇટીસીની માર્કેટ મુડીમાં ૨૭૭૨૮.૯ કરોડનો ઘટાડો થતા તેની માર્કેટ મુડી ઘટીને ૨૮૯૦૯૨.૭૮ કરોડ થઇ ગઇ છે. ટોપ ટેન કંપનીઓ પૈકી તેની માર્કેટ મુડીમાં સૌથી વધુ ઘટાડો થયો છે. આઇટીસીના સેરમાં ૮.૨૭ ટકાનો ઘટાડો થયો છે. જેથી તેના શેરની કિંમત ૩૬૧.૨૫ થઇ ઘઇ છે.

સિગારેટ પર એક્સાઇઝ ડ્યુટીમાં વધારો કરવાની જાહેરાત બજેટમાં ગઇકાલે કરવામાં આવ્યા બાદ તેની હાલત વધારે ખરાબ થઇ શકે છે. દરમિયાન ઓએનજીસીની માર્કેટ મુડી ૫૩૮૯.૯૬ કરોડ સુધી ઘટી ગઇ છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને હવે ૨૭૮૦૧૦.૬૫ કરોડ થઇ ગઇ છે. આરઆઇએલની માર્કેટ મુડી ૨૨૬૪.૮૬ કરોડ સુદી ઘટી ગઇ છે. જેથી તેની માર્કેટ મુડી હવે ૨૮૦૨૭૬.૮૦ કરોડ થઇ ગઇ છે. એચડીએફસી બેંકની માર્કેટ મુડી ૯૮૬.૯૮ કરોડ સુધી ઘટી ગઇ છે. એસબીઆઇની માર્કેટ મુડીમા પણ ૪૮૫.૨૮ કરોડનો ઘટાડો થયો છે. જેથી આ સપ્તાહમાં પુરા તયેલા ગાળામાં તેની માર્કેટ મુડી ઘટીને ૨૨૫૧૬૬.૪૪ કરોડ થઇ ગઇ છે. સપ્તાહ દરમિયાન કેટલીક કંપનીઓની માર્કેટ મુડી વધી છે. જેમાં આઇસીઆઇસીઆઇ બેંકની માર્કેટ મુડીમાં ૮૪૬૫.૬૫ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૦૦૨૫૧.૬૫ કરોડ સુધી પહોંચી ગઇ છે. આવીજ રીતે સીઆઇએલનીમાર્કેટ મુડી ૭૦૪૨.૭૪ કરોડ સુધી વદી છે. આની સાથે તેની માર્કેટ મુડી ૨૪૮૭૭૦.૦૧ કરોડ સુધી પહોંચી ગઇ છે. ઇન્ફોસીસની માર્કેટ મુડી વદીને ૨૬૩૫૫૭.૧૭ કરોડ થઇ ગઇ છે. ટીસીએસની માર્કેટ મુડી અવિરતરીતે વધી રહી છે. તેની માર્કેટ મુડી ૮૮.૧૫ કરોડ વધીને હવે ૫૨૪૦૧૮.૫૦ કરોડ થઇ ગઇ છે. ટોપ ટેન કંપનીઓની વાત કરવામા આવે તો ટીસીએસ પ્રથમ સ્થાને અકબંધ છે. ત્યારબાદ આઇટીસી, આરઆઇએલ, ઓએનજીસી, એચડીએફસી બેંક, ઇન્ફોસીસ, સીઆઇએલ, એસબીઆઇ, એચડીએફસી અને આઇસીઆઇસીાઇ બેંકનો સમાવેશ થાય છે. છેલ્લા સપ્તાહમાં બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૩૦ પોઇન્ટ ઉછળીને ૨૯૩૬૨ની સપાટીએ રહ્યો હતો.

## કેન્દ્રીય બજેટ ફાળવણીથી હેલ્થકેર સેવાને પ્રોત્સાહન

નવીદિલ્હી, તા. ૧

કેન્દ્રિય બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ પ્રતિક્રિયા આપતા કેન્દ્રિય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ કહ્યું છે કે સરકાર સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની હિલચાલ ધરાવે છે. સાથે સાથે આરોગ્ય ક્ષેત્રમાં ફાળવણીના કારણે હેલ્થકેરને વધારે પ્રોત્સાહન મળશે. જુદા જુદા રાજ્યોમાં એમ્સ સ્થાપિત કરવા માટે ૩૩૧૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી ચુકી છે. આરોગ્ય મંત્રાલયને બજેટમાં જંગી ફાળવણી કરવામાં આવતા ખાતુ ખુશ છે. સરકાર પાંચ નવા એમ્સ સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. જેમાં જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, આસામ અને તમિળનાડુમાં એમ્સ સ્થાપિત કરવાની જાહેરાત કરવામાં આવી છતે. બિહારમાં એમ્સ જેવી સંસ્થા સ્થાપિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતુ કે બજેટમાં સ્વચ્છ ભારત પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. હેલ્થ કેરની બાબત મોટા ભાગે સ્વચ્છતા સાથે જોડાયેલી છે.

## શ્રુતિ હસન હિન્દી કરતા સાઉથમાં વધુ સફળ રહી

મુંબઈ,તા. ૧

વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા કમલ હાસન અને સારિકાની પુત્રી શ્રુતિ દક્ષિણ ભારતની અને હિન્દી ફિલ્મોમાં એક સાથે કામ કરી રહી છે. શ્રુતિ એક સાથે અનેક ફિલ્મોમાં હાલ કામ કરી રહી છે. તેની પાસે બિલકુલ પણ સમય નથી. આ તમામ ફિલ્મોમાં તેની પડકારરૂપ ભૂમિકા છે. આવી સ્થિતીમાં તે પોતાની અંગત બાબતો માટે પણ સમય કાઢી શકતી નથી. શ્રુતિનુ કહેવુ છે કે તેની પાસે રહેલી ફિલ્મોને લઈને તે ખુબ આશાવાદી છે. એક કુશળ અભિનેત્રી તરીકે પોતાને સાબિત કરવા માટે શ્રુતિ બનતા તમામ પ્રયાસો કરી રહી છે. આમાં તેને સફળતા પણ મળી છે. સાઉથમાં શ્રુતિને જેટલી સફળતા મળી છે તેટલી સફળતા હિન્દી ફિલ્મોમાં ન મળી હોવા છતાં તે આશાવાદી છે. કમલ હાસનની પુત્રી હોવાના કારણે તેના પર કુશળ અભિનેત્રી બનાવ વધારે દબાણ છે.તાજેતરમાં ચેન્નાઈ ટાઈમ્સ દ્વારા કરવામાં આવેલા પોલમાં તે સૌથી ખુબસુરત મહિલાની યાદીમાં ટોપ પર રહી હતી. આ ઉપરાંત તે સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સાઉથના સ્ટાર કરતા વધારે લોકપ્રિયતા ધરાવે છે. તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં તે વધારે સફળતા મેળવી ચુકી છે. ભારતીય ભાષમા ગાયિકા તરીકે પણ તે સફળ રહી છે. અક્ષય કુમાર સાથે શ્રુતિ હવે ગબ્બર ફિલ્મ માટે શુટિંગ પૂર્ણ કરી ચુકી છે. હાલમાં તે અનિસ બાઝમીની કોમેડી ફિલ્મ વેલકમ બેકમાં જહોન અબ્રાહમ, અનિલ કપુર અને નાના પાટેકરની સાથે કામ કરી રહી છે.